<u>**રે. દી.મુ. નં. ૪/ ૨૦૧૯**</u>

<u>**આંક–૧ નીચે હુકમ**</u>

સદર દાવાનુ સમગ્ર રેકર્ડ વંચાણે લેતાં આ કામે વાદીએ પ્રતિવાદીઓ વિરુદ્ધ ડેક્લેરેશન અને બાનાખત કરાર રદબાતલ કરવા કરેલ છે.વધુમાં કેસનુ રેકર્ડ જોતા સદરહુ દાવો વાદીની ઉલટ તપાસ માટે પેન્ડીંગ છે. પંરતુ વાદી કે તેમના વકીલશ્રી હાજર રહેતા નથી. પ્રતિવાદીના વકીલ શ્રી હાજર રહેલ છે. પંરતુ ઉલટ તપાસ થઈ શકતી નથી. તેમજ આજ રોજ પણ પોકાર કરાવતા વાદી કે તેમના વકીલશ્રી હાજર રહેલ નથી.પરંતુ પ્રતિવાદીના વકીલ શ્રી હાજર રહેલ છે. આમ વાદી કે તેમના વકીલ શ્રી હાજર રહેલ નથી કે કોઈ રીપોર્ટ પણ રજુ રાખેલ નથી. જેથી રેકર્ડ પરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે વાદીને તેમનો દાવો ચલાવવામાં કોઈ રસ નથી. જેથી આવા સંજોગોમાં વાદીને દાવો ચલાવવા ન્યાયના હિતમાં વધુ સમય આપવાનુ યોગ્ય કે વાજબી જણાઈ આવતુ ન હોય વાદીની સતત ગેરહાજરીના કારણે હાલની દાવા અરજી અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે .

**:: આખરી હુકમ ::**

વાદીનો હાલનો દાવો તેઓની ગેરહાજરીના કારણે કાઢી નાંખવાનો એટલે કે ડિસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૩૦મી માહે જુન સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :પ્રાંતિજ
તારીખ : ૩૦/૬/૨૦૨૬.

**(સ્નેહલ મૃદુલભાઈ શુકલ)**
એડીશ્નલ સીનીયર સિવિલ જજ,
પ્રાંતિજ
**JUDGE CODE NO GJ01383**